CITY પલ્સ
ગુજરાતમિત્ર
email: citypulse@gujaratmitra.in
શુક્રવાર ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬

# પેટ્સ બન્યા સોશ્યલ મીડિયા સ્ટાર
# ડોગની પણ બને છે પ્રોફાઈલ ID

**ટેકનો ટ્રેન્ડ**

**આ**જના સોશ્યલ મીડિયાના જમાનામાં માણસોના જ માત્ર સોશ્યલ મીડિયા પેજ નથી પરંતુ ઘરના ડોગ પેટ્સ પણ સોશ્યલ મીડિયા પર પોતાની આગવી ઓળખ બનાવી રહ્યા છે. પેટ્સ લવર્સ તેમના પેટ્સના નામનું ઇન્સ્ટાગ્રામ પેજ કે સોશ્યલ મીડિયા એકાઇન્ટ બનાવે છે. તેનું નામ યુઝર નેમ તરીકે હોય છે. તેમની પ્રોફાઇલમાં તેની બ્રિડ, તે કયા શહેરમાં છે, તેના મજેદાર વ્યક્તિત્વ વિશે લખાતું હોય છે. તેના અલગ અંદાજના વીડિયોઝને લાખો વ્યૂ અને હજારોની સંખ્યામાં લાઇક્સ પણ મળે છે. પહેલા પેટ્સની મેમરી રહે તે માટે સોશ્યલ મીડિયા પેજ બનાવાતું પણ હવે પેટ લવર્સ તેમના પેટ્સના લોકોનું ધ્યાન ખેંચે તેવા વીડિયો બનાવી શેર કરતાં હોય છે. ફેમિલી મેમ્બર જેવું જ વર્ચસ્વ ધરાવતા હોવાથી પરિવારની ડિજિટલ સ્ટોરીનો તેઓ પણ હિસ્સો બન્યા છે. તો ચાલો આપણે કેટલાંક સુરતી પેટ લવર્સ પાસેથી જાણીએ કે તેમણે તેમના પેટ્સના સોશ્યલ મીડિયા પેજ કેમ બનાવ્યા, કેવી પોસ્ટ કે રિલ્સ મુકવાથી કેટલા વ્યૂઅર્સ થાય છે કેટલી લાઇક્સ મળે છે...




## સ્ટફીના ફ્રેન્ડસની બર્થડે, ડોગની રન ઇવેન્ટના વીડિયો બનાવાય છે




ઋત્વા દેસાઈએ તેમના ડોગ સ્ટફીનું ઈન્સ્ટા ID લગભગ પોણા ત્રણ વર્ષ પહેલાં બનાવ્યું હતું. સ્ટફી શિહત્ઝુ બ્રિડનું છે. આ બ્રિડ જિદ્દી હોય એટલે તેને આપણે જે કહીએ તે જલ્દી નહીં માને. સ્ટફી ફેમિલી મેમ્બર હોવાથી ઈન્સટા પર પેજ બનાવ્યું. અમે તેની પોસ્ટ મુકીએ તો લોકોની એપ્રિશિએટીવ કૉમેન્ટ આવે. અમે તે સૂતો હોય, ગેમ રમતો હોય, તેના જેવા તેના ફ્રેન્ડ્સ છે તેમની બર્થડે હોય તો બધા ડોગ્સની સાથેના વીડિયો ક્રિએટ કરીને તેના સોશ્યલ મીડિયા પેજ પર મુકીએ. તેમની રન ઈવેન્ટ્સની રિલ્સ પણ મુકીએ. જોકે, તેને ટી-શર્ટ પહેરવું નહીં ગમે પણ વીડિયો ક્રિએટ કરતા પહેલા તેનું ગ્રુમિંગ સેશન થાય. તેની સરસ મજાની ચોટી બનાવીએ તેની પર બૉ બાંધીએ, રિબન બાંધીએ તે તેને બહુ ગમે. તે સ્ક્રીન તરફ નથી જોતો એટલે અમે તેના ક્રિએટ કરેલા વીડિયો તેને નથી બતાવતા. ક્યારેક વીડિયો પહેલા તેના ગ્રૂમિંગ પાછળ 2000 રૂ. જેટલો તો ખર્ચ કરી નાખીએ. એના ફોલોવર્સમાં બીજા પેટ પણ સામેલ છે.



## શિરોને ચીફ હેપ્પીનેસ ઓફિસરની પદવી અપાઈ હતી તે વીડિયો ખૂબ વાયરલ થયો હતો







પૂજા અદાણી પાસે શિરો નામનું ડોગ છે. તેનો એક ચીફ હેપ્પીનેસ ઓફિસરવાળો વીડિયો ખૂબ વાયરલ થયો હતો. પૂજાબેને જણાવ્યું કે, અમારી ઓફિસમાં શિરો નિયમિત દર શુક્રવારે આવતો ત્યારે તે બધાને મળતો. તેને અમે CHO (ચીફ હેપ્પીનેસ ઓફિસર) ની પદવી આપી હતી. ઓફિસની દરેક ઈવેન્ટ પછી તે બોક્સ ક્રિકેટ હોય કે અન્ય કોઈ ઈવેન્ટ હોય તેમાં તેની હાજરીના વીડિયો ક્રિએટ કરતાં. સ્કૂલોમાં તેને બોલાવે તો સ્કૂલ ટ્રીપના વીડિયો બનાવી ઈન્સ્ટા પર તેના પેજ પર મુકીએ. એકવાર તે એક મહિનાના બ્રેક બાદ ઓફિસ આવ્યો અને તેણે જોયું કે બધા મસ્તી કરે છે, કોઈ કામ નથી કરતું તો તે ગુસ્સે ભરાય છે કે આ બધું શું છે. તેનો આ વીડિયો ખૂબ વાયરલ થયો હતો. તેને એક વિડીયોના 53 હજાર વ્યૂ થયા હતા. લોકો કૉમેન્ટ્સમાં સ્માઈલી મોકલે. અમે તેનું પ્રોફાઈલ સ્માઈલ સ્પ્રેડ મિશન પર બનાવ્યું છે. તે કેમેરાને જોઈને મોઢું ફેરવી દે, તેને અટેન્શન નહીં ગમે એટલે અમે તેના કેન્ડિડ વીડિયો બનાવીએ અને પેજ પર મુકીએ.



## બ્રુનોના ત્રણ મિલિયન વ્યૂ પણ થયા છે, ગાડીમાંના વીડિયો થાય વાયરલ




હેમાક્ષી રાવતે જણાવ્યું કે, અમારી પાસે ગોલ્ડન રીટ્રીવર ડોગ છે જેને ત્રણ વર્ષ પહેલાં એડોપ્ટ કરવામાં આવ્યો હતો. અમારા આ મેલ પેટનું નામ બ્રુનો છે. બે વર્ષ પહેલાં તેની ઈન્સ્ટા પ્રોફાઈલ બ્રુનો ધ ગોલ્ડન બોય બનાવવામાં આવી હતી. બીજા ડોગના ઈન્સ્ટા પર પ્રોફાઈલ જોઈને તથા ફન માટે અને લોકો ડોગ બાબતમાં અવેર થાય તે ઉદ્દેશ્યથી અમે પણ બ્રુનોનું એકાઉન્ટ બનાવ્યું હતું. તેના ફોલોવર્સ 3449 છે. તેની પોસ્ટ-રીલ્સના સારા વ્યૂ થઈ જાય છે. તેને કારમાં ફરવા લઈ જઈએ ત્યારે કાંચમાંથી બહાર જોતા તેના એક વીડિયોના એક લાખ વ્યૂ થયા છે. તેના કારવાળા વીડિયો વધારે વાયરલ થાય છે. 3 મિલિયન વ્યૂ સૌથી હાઈએસ્ટ છે. તે મસ્તી કરતો હોય,રમતો હોય તેના વીડિયો બનાવી, ઓડિયો મૂકી ઈન્સ્ટા પર તેની રીલ મુકીએ. પોઝિટિવ-નેગેટિવ દરેક પ્રકારની કોમેન્ટ મળતી હોય. તેની પાસે એક્ટિંગ કરાવવા માટે મહેનત કરવી પડે. બ્રુનોને વીડીયો બનાવવાના હોય ત્યારે સુટેબલ ગ્રૂમિંગ કરાવીએ જેની પાછળ લગભગ દોઢ હજાર જેટલા રૂપિયા ખર્ચ થઈ જાય. અમે તેને વીડિયો નથી બતાવતા કેમકે તે તેની તરફ જુવે પણ નહીં. બીજા પેટના પણ પ્રોફાઈલ હોય તેઓ પણ બ્રુનોને ફોલો કરતા હોય.

## લુસી પણ ફેમિલી મેમ્બર જ છે, ઘરના બધાની ઇન્સ્ટા ID છે તો એની પણ બનાવી




દિશા ભોજે જણાવ્યું કે અમારા ઘરમાં લુસી નામની ફિમેલ ડોગ છે. તેને અમે 5 વર્ષ પહેલાં ભાવનગરથી એડોપ્ટ કરી હતી. અમારા ફેમિલી મેમ્બરના બધા ના જ ઈન્સ્ટા ID છે તો લુસી પણ ફેમિલી મેમ્બર જ છે તો એનું સોશ્યલ મીડિયા એકાઉન્ટ કેમ ના હોવું જોઈએ? એ વિચારીને પછી અમે તેનું ID બે-ત્રણ વર્ષ પહેલાં બનાવ્યું હતું. અમે તેની ID પર તે અમારી સાથે દિવાળી ફેસ્ટિવલ સેલિબ્રેટ કરે, તેના ગ્રુમિંગ સેશનના, ડોગ ઈવેન્ટ્સમાં જાય છે તેના, મારા ફાધર આઉટ ઓફ ઈન્ડિયા છે તેઓ જ્યારે ઈન્ડિયા આવે અને તેના માટેનું ગીફ્ટ લાવ્યા હોય તો તેના વીડિયો ક્રિએટ કરીએ. તે કેમેરા ફ્રેન્ડલી છે તેને ખ્યાલ આવતો હોય છે કે વીડિયો ક્રિએટ થઈ રહ્યો છે. તેને પછીથી વીડિયો બતાવીએ તો તે આંખો પટપટાવીને રિસ્પોન્સ પણ આપે છે. તેના ફોલોવર્સમાં ફમિલી મેમ્બર તો માત્ર 15 જેટલાં જ છે બાકી તો તેના રેન્ડમલી વીડિયો જોઈને ફોલોવર્સ બન્યા હોય તે છે. નવરાત્રી સમયે વીડિયો બનાવ્યો ત્યારે તેને જવેલરી પહેરાવી હતી અને ચણિયા ચોળી જેવો ડ્રેસ પહેરાવ્યો હતો તે માત્રડ્રેસ પાછળ 2000 રૂ. ખર્ચ્યા હતા અને ગ્રુમિંગના અલગથી ખર્ચ કર્યા હતાં. અમે પ્લે એરિયામાં લઈ ગયા ત્યારે એને ઓનલાઈન મંગાવી ફૂટબોલ પ્લેયર્સની જર્સી પહેરાવી હતી. તેને દિવાળી ફેસ્ટિલમાં ફટાકડા ફૂટતા જોવાનું, હોળીમાં કલર લગાવવાનું તેને ગમે. ઈન્સ્ટા પર એક હજાર જેટલા વ્યુ પણ હોય. ક્યૂટ છે, બ્યુટીફૂલ છે, કેમેરા ફ્રેન્ડલી છે એવી કૉમેન્ટ્સ આવતી હોય.






## મધર અને ડોટર પેટની મેમરી રાખવા માટે પ્રોફાઈલ બનાવી

પ્રીતિ જૈને જણાવ્યું કે તેમના ઘરમાં બે ફિમેલ ડોગ પરી અને કુકી છે. જેમાં પરી મધર છે અને કુકી ડોટર છે. પરીને પાંચ વર્ષ પહેલાં ઘરમાં લાવવામાં આવી ત્યારે જ તેમની મેમરી રાખવા માટે અમે ઈન્સ્ટા પ્રોફાઈલ બનાવી. આ એકાઉન્ટ પર તેમની ચોટી બનાવવામાં આવી હોય, બંને બોલથી રમતાં હોય, અમારી સાથે મસ્તી કરતાં હોય, ઘરની બારીમાંથી બહાર જોતા હોય, સરસ કપડાં પહેરાવીને તૈયાર કર્યા હોય એવા વીડિયો રિલ મુકાય છે. જોકે, બંનેને કેમેરા પર આવવું નહીં ગમે. પહેલાં અમે તેમના રોજ વીડિયો બનાવતા હતાં. લોકોના સારા લાઈક અને કૉમેન્ટ મળતા. એમના ફેસ્ટિવલ શૂટના, રેમ્પ વોકના વીડિયો પણ મુકીએ છીએ. વીડિયો બનાવતા પહેલા પેટ સલૂનમાં લઈ જઈ હેર સ્પા, બાથ, હેર કટિંગ કરાવીએ.

---

**Age is just a Number**

# 90 વર્ષના 'ગીતામા' અને 85 વર્ષના 'અકાબા'ની સિગિંગ-ડાન્સિંગ પ્રતિભાને સલામ

**એ**કવાર 50ની ઉંમર વટાવી દે એટલે લોકો ફરિયાદો કરતાં થાય છે કે હવે શરીર સાથ નથી આપતું, થાકી જવાય છે. શારીરિક ક્ષમતા ઘટી ગઈ છે. આ લોકોએ ખરેખર 'ગીતા મા' અને 'અકાબા'ના હુલામણા નામથી ઓળખાતી સુરતની બે સન્નારીઓ કે જેઓએ 90 અને 85 વર્ષની વયે પણ પોતાનામાં રહેલી ગાયકી અને નૃત્યની કળાને જીવંત રાખી છે, તેમને મળવું જોઈએ. તેઓ સ્ટેજ પર જ્યારે તેમની કળાને પર્ફોર્મ કરે ત્યારે આખો હોલ તાળીઓના ગડગડાટ અને વન્સ મોર વન્સ મોરના નારા લગાવી આ સન્નારીઓના જુસ્સા, તેમના ઉત્સાહ અને કળાને વધાવી લે છે. ચાલો, આપણે આ સન્નારીઓને મળીએ અને જાણીએ કે તેઓ આ ઉંમરે પણ થાક્યા વગર કઈ રીતે પોતાની કળાને લોકો સમક્ષ પર્ફોર્મ કરે છે?...

**Succcess મંત્ર**




## 300થી વધુ ગીતો મોઢે યાદ, તેમનો સુરીલો અવાજ શ્રોતાઓને ડોલાવે છે

**ગી**તાબેન ચોકસીને તમે મળશો તો તમને પહેલી નજરે લાગશે જ નહીં કે તેઓ 90 વર્ષના છે. આજે પણ સંગીતના પ્રોગ્રામમાં તેમનો સુરીલો અવાજ સાંભળી ઓડિયન્સ આફરીન પોકારી ઉઠે છે. તેમણે જણાવ્યું કે જ્યારે તેમના લગ્નની વાત ચાલતી હતી ત્યારે તેમના સાસુએ રસોઈ બનાવતા આવડે છે કે નહીં તે સવાલ નહોતો કર્યો પણ ગાતા આવડે છે એવો સવાલ કર્યો હતો. લગ્ન બાદ તો થોડા વર્ષ મુંબઈ રહ્યા પછી સુરત શિફ્ટ થયાં અહીં હેર સ્ટાઈલ, વોલપીસ, મેકઅપના કલાસ ચલાવતા. દીકરો મોટો થતા હસબન્ડે જ બહાર પબ્લિકલી સિંગિંગ માટે કહ્યું. પછી તો ક્યારેય પાછું વળીને નહીં જોયું લગ્ન ગીતો ગાતા, સિનિયર સિટીઝન ક્લબમાં પણ ગીતો પર્ફોર્મ કરતાં. તેઓ ગુજરાતી, હિન્દી, મારવાડી, સિંધી ભાષામાં લગ્ન ગીતો ગાય છે. 300 જેટલા ગીતો તો તેમને મોઢે યાદ છે. તેઓ જણાવે છે કે હું આ ઉંમરે પણ પ્રવૃત છું એટલે જ હું બીમાર નથી પડતી. તેમનો દીકરો વિરેશ ચોકસી તેમને સિંગિંગમાં સાથ આપે છે. તુમ ના જાને કિસ જહાં મેં....જેવા સેડ સોંગ ગાવા તેમને પસંદ છે.

## બે મહિના પહેલા તેમણે હિન્દી સોંગ પર નૃત્ય પર્ફોર્મ કર્યું હતું

**ગી**તાબેન ચોકસીએ જણાવ્યું કે સંગીત ઉપરાંત મને ડાન્સ-દાંડિયાનો પણ શોખ છે. તેમને નૃત્ય-સંગીતમાં પ્રાઇઝ પણ મળ્યા છે. બે મહિના પહેલાં +જ તેમણે બ્લેક ડ્રેસમાં હિન્દી ફિલ્મનું ગીત તન ડોલે મેરા મન ડોલે ગીત પર નાગીન ડાન્સ પર્ફોર્મ કર્યું હતું, ત્યારે તો લોકો તેમની સ્ફૂર્તિની દાદ દેવા લાગ્યાં. હવે તો તેઓ જવલ્લે જ નૃત્ય પર્ફોર્મ કરે છે. એક સમયે તેઓ દાંડિયા રાસમાં જજ તરીકે જતાં. શશી કપૂર, રાજ બબ્બર અને કુમાર ગૌરવ જેવા જાણીતા કલાકારો સાથે જજ તરીકે રહ્યા હતાં. સુરતના ઘણાં કલાકારો તેમને 'ગીતા મા', 'ગુરુ મા' કહે છે અને તેમના આશીર્વાદ લેતાં હોય છે.



## 365 દિવસ ગીતો ગાય

**અ**રુક્ષાબેને જણાવ્યું કે, મેં સિગિંગ કે ડાન્સિંગની કોઈ તાલીમ નથી લીધી. હું ફિલ્મી ગીતો પર નૃત્ય રોજ નથી કરતી પણ 365 દિવસ ગાતી હોઉ છું. મિમિક્રી, એક પાત્રિય અભિનય, યોગ ગરબા કરવાની સાથે અંતાક્ષરીમાં ભાગ લઉ છું. આ બધી મારી મલ્ટીપલ પ્રતિભાને કારણે લોકો મને એવરગ્રીન, ઓલરાઉન્ડર ઉપનામ આપે. જ્યારે ગોરે ગોરે ઓ બાંકે છોરે ગીત ગાઉ ત્યારે ઓડિયન્સ સિટીઓ વગાડી મને પ્રોત્સાહિત કરે છે. હું તો ચાર વખત પડી ગઈ છું છતાં મેં મારી આ પ્રવૃતિઓ પર બ્રેક નથી લગાવી. ગુજરાત રાજ્યની એક પાત્રીય અભિનયની કોમ્પિટિશનમાં મને પ્રાઇઝ પણ મળ્યું છે. અનેક શિલ્ડ, પ્રાઇઝથી મારી કળાને સન્માનવામાં આવી છે.

**55 વર્ષની ઉંમરે ડાન્સ પર્ફોર્મ કરવાનું શરૂ કર્યું**

**85** વર્ષીય અરુક્ષાબેન મજમુદાર 'અકાબા'ના હુલામણા નામથી ઓળખાય છે. યુવાઓને પણ શરમાવે એટલી સ્ફૂર્તિથી તેઓ ફિલ્મી ગીતો પર ડાન્સ પર્ફોર્મ કરે છે. 'મેરા નામ ચીન ચીન ચૂ', 'ઝૂમખા ગીરા રે', 'બદન પે સિતારે લપેટે હુએ' આ ગીતો પર જ્યારે તેઓ ડાન્સ પર્ફોર્મ કરે ત્યારે ઓડિયન્સ તાળીઓના ગડગડાટથી અને વન્સ મોરના નારા લગાવી તેમને વધાવી લે છે. તેમના હસબન્ડ સુરેશચંદ્ર મજમુદારનું નિધન 1996માં થયા બાદ એકલતા સાલે નહીં અને શારીરિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે તેમણે અલગ અલગ સંસ્થાઓના, સિનિયર સિટીઝન્સના ક્લબ સહિતના પ્રોગ્રામમાં ગાવાનું અને ડાન્સ પર્ફોર્મ કરવાનું શરૂ કર્યું. તેમનો એક જીવનમંત્ર રહ્યો છે, હસો હસાવો, ખુશ રહો, મસ્ત રહો, સ્વસ્થ રહો.